## ખેલમહાકુંભમાં ધનસુરાની ઓધવ વિદ્યામંદિરના વિદ્યાર્થીઓનું ઉત્કૃષ્ટ પ્રદર્શન



ખેલમહાકુંભમાં તાલુકા કક્ષાની અં-૧૧, અં -૧૪, અં-૧૭, અને ઓપન એજ ભાઈઓ અને બહેનોની ચેસ સ્પર્ધા જે.એસ.મહેતા ખાતે યોજાઈ હતી.જેમાં ઓધવ વિદ્યામંદિર ધનસુરાના અં -૧૪ ના બે બાળકો જીલ રાકેશકુમાર પ્રજાપતિ પ્રથમ અને દર્શિલ રાકેશભાઈ પ્રજાપતિ દ્વિતિય ક્રમે આવી શાળાનું નામ રોશન કર્યું હતું જે બદલ શાળાના ચેરમેન શ્રી પ્રહલાદભાઈ સુરાણી,શાળાના મંત્રીશ્રી નરેન્દ્રભાઇ પટેલ તેમજ મંડળના ટ્રસ્ટીશ્રીઓ તેમજ શાળાનાં સંચાલક મંડળે વિજેતા બાળકોને તેમજ બાળકોને તૈયાર કરનાર વ્યાયામ શિક્ષક રાકેશભાઈ પ્રજાપતિ અને માર્ગદર્શક એવા શાળાનાં આચાર્યશ્રી જીજ્ઞેશભાઈ પટેલને અભિનંદન આપ્યા હતા.

## અરવલ્લી જિલ્લામાં ૨૪૦૯૪ બાળકોને કૉર્બેવેક્સ વેકસીનનો પ્રથમ ડોઝ અપાયો



રાજ્યમાં ૧૨ થી ૧૪ વય જુથના બાળકોનું કોવિડ વેકસીનેશનનો ૧૬ માર્ચથી પ્રારંભ કરાયો છે. જે અંતર્ગત અરવલ્લી જિલ્લાના કુલ ૪૨૭૭૯ બાળકોને આવરી લેવાની આરોગ્યતંત્ર દ્વારા કામગીરી હાથ ધરાઈ છે. ત્યારે આજ સુધીમાં જિલ્લાના ૧૨ થી ૧૪ વર્ષના વય જુથના બાળકોના કોવિડ-૧૯ રસીકરણની ૫૬ ટકા જેટલી પ્રથમ ડોઝની કામગીરી થઈ છે. જેમાં જિલ્લાના ૨૨ માર્ચ ૨૦૨૨ સુધીમાં ૨૪૦૯૪ બાળકોને નવી કૉર્બેવેક્સ વેકસીનનો પ્રથમ ડોઝ આપવામાં આવેલ છે. અરવલ્લી જિલ્લાના ૨૦૦ થી વધારે કેન્દ્રો પર આરંભાયેલા રાષ્ટ્રીય રસીકરણ અભિયાન અંતર્ગત જિલ્લાના ૪૨૭૭૯ વધુ બાળકોને આવરી લેવાની આરોગ્યતંત્ર દ્વારા કામગીરી હાથ ધરાઈ છે. જેમાં આરોગ્ય વિભાગની ૨૦૦ થી વધારે ટીમો દ્વારા કોવિડ રસીકરણનું આયોજન કરવામાં આવ્યું હતું આ પ્રથમ વેકસીનેશન શેસનમાં જિલ્લાના ૨૪૦૯૪ વિધાર્થીઓએ નવી કાર્બેવેક્સ વેકસીનનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો હતો. કલેકટરશ્રી ડો.નરેન્દ્રકુમાર મીના તથા જીલ્લા વિકાસ અધિકારીશ્રી શ્વેતા તેવતિયાના માર્ગદર્શન હેઠળ અને મુખ્ય જિલ્લા અધિકારીશ્રી ડો.આર.જી.શ્રીમાળી ની રાહબરી હેઠળ ૧૨ થી ૧૪ વર્ષના વય જુથના બાળકોનું કોવિડ-૧૯ રસીકરણ'' કરવાનું આરોગ્ય શાખા અરવલ્લી જિલ્લા પંચાયત દ્વારા સુનિશ્ચિત આયોજન કરવામાં આવ્યુ છે.

## શામળાજી કોલેજ ખાતે 'શહીદ દિન' ઉજવાયો



તાજેતરમાં શામળાજી કોલેજના પ્રિન્સિપાલ ડૉ એ.કે.પટેલના માર્ગદર્શન હેઠળતા ૨૩-૩-૨૦૨૨ ને શહીદદિનની ઉજવણી કરવામાં આવી હતી. આઝાદીના અમૃત યુવા સંકલ્પ વિશે એન.એસ.એસ પ્રોગ્રામ ઓફિસર ડૉ ભરતભાઈ પટેલે ભારતની આઝાદી અનેક શહીદોએ પોતાના બલિદાન આપ્યા છે અને માતૃભૂમિના રક્ષણ માટે અનેક શહીદોએ પોતાની જાનનું બલિદાન આપ્યું છે જેવા કે વીર શહીદ ભગતસિંહ, વીર સાવરકર, સુખદેવ અને રાજગુરુ તેમ જ મહાત્મા ગાધીજીએ દેશની રક્ષા અને ગુલામીમાંથી મુક્ત કરવા માટે 'કાગડા કૂતરાને મોતે મરીશ ' પણ આઝાદી લીધા વિના જંપીશ નહી. એવા વિચારને ચરિતાર્થ કરી બતાવ્યો અને ૧૫૦ વર્ષની ગુલામીમાંથી ભારતવર્ષને આઝાદી અપાવી તેવા નામી-અનામી તમામ શહીદોને આજના દિવસે ભાવભીની શ્રદ્ધાજલિ અર્પણ કરી હતી.તદુપરાંત શામળાજી આયંજયોતિ હાઈસ્કૂલમાં શહીદ થઈ ગયેલ જીવાભાઈ બાબુભાઈ નિનામાને પણ શ્રદ્ધાજલિ આપી હતી તેમા મોટી સંખ્યામાં વિધાથી ભાઈ-બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં 'આઝાદી ની લડાઈમાં ગુજરાતની મહિલાઓનો ફાળો ' એ વિષય પર પ્રિતીકા અને પૂજાએ પોતાના વિચારો પ્રસ્તુત કર્યા હતા. અંતમા સમગ્ર કાર્યકમનુ સંચાલન ડૉ વર્ષા પટેલે કયું હતું તેમ જ આભારવિધિ ડૉ જાગૃતિ પટેલે કરી હતી.

## સર્વોદય હાઈસ્કૂલના ૬ કર્મચારીઓ નિવૃત્ત થતાં વિદાય સમારોહ, યાદગીરી પેટે સ્મૃતિ ચિહ્નોની ભેટ



મોડાસા એ શિક્ષણ નગરી તરીકે જાણીતી છે અને તેમાંય મોડાસા કેળવણી મંડળ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ પિરસવાનું કાર્યકરે છે જ્યારે ધી.એમ.એલ. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ કોલેજ કક્ષાનું જ્ઞાન પિરસવું કાર્ય કરે છે. આ વચ્ચે મોડાસા કેળવણી મંડળ સંચાલિત શ્રી.સી.જી. બુટાલા સર્વોદય હાઈસ્કૂલના એક સાથે ૬ કર્મચારીઓ નિવૃત્ત થતાં વિદાય સમારોહ યોજવામાં આવ્યો. સર્વોદય હાઈસ્કૂલ ખાતે યોજાયેલા વિદાય સમારોહમાં ૩ શિક્ષક, ૧ ક્લર્ક અને ૩ પટાવાળાને વિદાય આપીને પ્રશસ્તિપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. શિક્ષકોના વિદાય સમારોહમાં યોજાયેલા કાર્યક્રમમાં વિદ્યાર્થીઓમાં ઉત્સાહ જોવા મળ્યો હતો, અને વિદ્યાર્થીઓ પણ ભાવૂક થયા છે, નિવૃત્ત થયેલા કર્મચારીઓએ તેમણા કાર્યકાળ દરમિયાન કરેલા કામને વાગોળ્યા હતા. આ પ્રસંગે મોડાસા કેળવણી મંડળના પ્રમુખ બિપીન આર.શાહ તેમજ મંડળના આગેવાનો, મોડાસા નગર પાલિકાના ઉપપ્રમુખ અને સર્વોદય હાઈસ્કૂલના આચાર્ય ડો.આર.સી, મહેતા, મોડાસા નગર પાલિકાના પૂર્વ પ્રમુખ વનિતાબહેન પટેલ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે નિવૃત્ત થયેલા શિક્ષકો તેમના કાર્યકાળ દરમિયાન કરેલી કામગીરીને યાદ કરીને હંમેશા બાળકોનો પ્રેમ અને શાળા પરિવાર દ્વારા મળેલ માન-સન્માનને યાદ રાખીશું તેવું જણાવ્યું હતું. નિવૃત્ત થયેલા શિક્ષક આર.જી.વણકરે યાદગાર પળોને યાદ કરી હતી તો સર્વોદય હાઈસ્કૂલના આચાર્ય ડો.આર.સી.મહેતાએ પણ નિવૃત્ત થયેલા શિક્ષકોની કામગીરીને બિરદાવી હતી

## અરવલ્લીના દિવ્યાંગ ખેલાડી જેવેલીન થ્રો તથા લોંગજમ્પમાં નેશનલ લેવલે ભાગ લેશે

અરવલ્લી ના દિવ્યાંગ ખેલાડી નેશનલ પેરા રમતો માં ભાગ લેવા જશે દિવ્યાંગ સંસ્થાના ખેલાડી સોલંકી જગદીશ કુમાર વિક્રમસિંહ પેરા એથલેન્ટ માં જેવેલીન થ્રો તથા લોંગજમ્પ માં નેશનલ લેવલ કલાસીફિકેશન ટી-૪૪ માં સિલેક્ટ થતાં તેઓ ઓડિસા ભુવનેશ્વર ખાતે તારીખ ૨૭-૦૩-૨૦૨૨ થી તારીખ ૩૧-૦૩-૨૦૨૨ સુધી નેશનલ પેરા માં ભાગ લેશે જે બદલ જિલ્લા રમત માન્ય મંડળ અરવલ્લી ફિઝીકલી હેન્ડીકેપ્ડ વેલફેર મંડળ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. પ્રમુખ પ્રકાશકુમાર જોષી ઉપપ્રમુખ કરશનદાસ પટેલ, સેક્રેટરી વિનોદચંદ્ર પટેલ, સ્પોર્ટ સેક્રેટરી વિજય રાણા, વાઈસ સેક્રેટરી-જીજ્ઞેશ ભટ્ટ , પુષ્પાબેન પટેલ, ગણેશભાઈ પ્રજાપતિ, શકીલ દાદુ, શંકરભાઈ શર્મા, જશુભાઈ પ્રજાપતિ, જમનાબેન ખરાડી સહિત દિવ્યાંગ ભાઈ બહેનોએ અભિનંદન પાઠવ્યા હતા.

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં પરોઢે વાદળ દેખાતાં ખેડૂતો ચિંતિત

### કમોસમી માવઠું થાય તો ઘઉંના તૈયાર પાકને નુકસાન થવાનો ભય

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૩

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં છેલ્લા બે દિવસે પરોઢે આકાશમાં વાદળો દેખાતાં ખેડુતો ચિંતિત બન્યા છે. કમોસમી વરસાદ વરસે તો ઘઉંનો તૈયાર પાકને નુકસાન થવાની આશંકાએ ખેડુતોની ઉંઘ હરામ થઈ ગઈ છે. જયારે કમોસમી માવઠાની શક્યતા જોતાં ઉનાળુ વાવેતરને અસર થવાની દહેશત સેવાય છે.



પ્રાપ્ત જાણકારી અનુસાર નવા અંગ્રેજી વર્ષનો પ્રારંભ થયો ત્યારથી દર મહિને કમોસમી માવઠાની પખવાડિયામાં એક વાર દહેશત ઉભી થતી હોય છે. જિલ્લામાં પાછલાં દસ દિવસથી કાળઝાળ ગરમીએ પ્રજા સહિત ખેડુતોને પરેસાન કરી દીધા હતા. પાછલા ત્રણ દિવસથી તાપમાનનો પારો ગગડ્યો પરંતુ હવામાં ભેજનું પ્રમાણ વધતાં ગરમી પ્રકોપ વધુ લાગી રહ્યો છે. ત્યારે છેલ્લા બે દિવસથી જિલ્લાના હવામાનમાં પલટાવની સ્થિતિ સવારે જોવા મળે છે. આકાશમાં વાદળો દેખાતાં કમોસમી માવઠું વરસે તો ખેડુતોની માઠી દશા થાય તેવી પૂરેપુરી દહેશત છે. જિલ્લામાં ઘઉં, રાયડો, ચણા સહિતનો પાક તૈયાર થયો છે. પરંતુ કમોસમી માવઠું વરસે તો તૈયાર પાક ભીંજાઈ જાય અને ખેડુતોને વેપારીઓ દ્વારા પાક ઉપજના યોગ્ય ભાવ ન મળે તેવી પણ દહેશત ખેડુત પરીવારોને સતાવી રહી છે. જિલ્લામાં હજુંપણ ખેતરોમાં ઘઉંનો તૈયાર પાક લહેરાઈ રહ્યો છે અને બે દિવસથી વાદળો દેખાતા સ્વભાવિક જ ખેડુતોનો ઉચાટ સમજી શકાય છે.

# પ્રાંતિજ નેશનલ હાઈવે-૮ કતપુર ટોલટેક્સને લઈને સંસદમાં ઉઠાવ્યો સવાલ

પ્રાંતિજ તા.૨૩

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર-અમદાવાદ નેશનલ હાઈવે આઠ પ્રાંતિજ ના કતપુર ટોલટેક્સ ને લઈ ને કોંગ્રેસ સાંસદ શક્તિસિંહ ગોહિલ દ્વારા ટોલટેક્સ રદ કરી સર્વિસ રોડ બનાવવા માટે માગણી કરી રજુઆત કરી. નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના કતપુર ખાતે આવેલ ટોલટેક્સ ને લઈ ને પ્રાંતિજ તથા તાલુકાના આસપાસ ના ૨૦ કિ.મી વિસ્તાર ના લોકોને તેમના સામાજીક કામ ખેતીકામ તેમજ દવાખાને અને સરકારી કામકાજ અર્થે પ્રાંતિજ મા અવરનવર આવવુ પડતુ હોય છે અને તેવોને હાલ ટોલટેક્સ ને લઈ ને તગડો ટોલ ટેક્સ ભરવો પડે છે ત્યારે છેલ્લા દશ વર્ષ થી કોંગ્રેસ ના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા દ્વારા પ્રાંતિજ તાલુકાના વાહનો નો ટોલટેક્સ રદ કરી બાજુમા સર્વિસ રોડ બનાવવા માટે માગણી કરી રહ્યા છે તો તારીખ ૧૬।૩।૨૦૨૨ ના રોજ કોંગ્રેસ સાંસદ શક્તિસિંહ ગોહિલ પ્રાંતિજ તાલુકામાંથી પસાર થતા હતા ત્યારે પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા દ્વારા પ્રાંતિજ તાલુકાના વાહન ચાલકોને પડતી મુશ્કેલીઓ ભરવો પડતો તગડો ટોલ ટેક્સ ને લઈ ને કોંગ્રેસ ના સાંસદ શક્તિસિંહ ગોહિલ સાથે ટોલટેક્સ ઉપર સ્થળ મુલાકાત સાથે ટોલટેક્સ રદ કરવા માટે રજુઆતો કરી હતી તો ટોલટેક્સ રદ કરાવવા અને સર્વિસ રોડ બનાવવા માટે રજુઆત કરી હતી અને ખરેખર પ્રાંતિજ તાલુકાના વાહન ચાલકોને ટોલટેક્સ ને લઈ ને પડતી મુશ્કેલીઓ તોતીંગ ટોલટેક્સ આજુબાજુ ના ગ્રામજનો ને નાના મોટા કામ અર્થે પણ દિવસ મા અવરનવર આવતા ટોલટેક્સ ભરવા સહિત ની રજુઆતો કરતા કોંગ્રેસ સાંસદ શક્તિસિંહ ગોહિલ દ્વારા પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા ની રજુઆત ને ધ્યાને લઈ ને આ મુદ્દે સરકાર સમક્ષ સસંદ માં ઉઠાવ્યો હતો અને સ્થાનિક વાહન ચાલકો માટે સર્વિસ રોડ ના હોવાથી હાલતો ૨૦ કિલ્લો મીટર સુધીના વાહન ચાલકોને ટોલટેક્સ ચુકવો પડે ન્યાય આપવા માગણીકરી હતી તો પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા ટોલટેક્સ ને લઈ ને આવનાર દિવસો મા વડાપ્રધાન નરેન્દ્રભાઈ તથા માર્ગ મકાન મંત્રી નિત્યાનંદભાઈ ગડકરી ને રૂબરૂ મળી ટોલ પ્રશ્ને રજૂઆત કરવામા આવશે અને સ્થાનિક વાહન ચલાકો ને ન્યાય મળે તે માટે સાથે રાખી સર્વિસ રોડ માટે લડત લડવામા આવશે.




### વિશ્વ જળ દિવસ પર તરસ્યાની 'વેદના'

# મોડાસા પાલિકાના વોટર ATM ને કોણે સંતાડ્યું? તરસ લાગી છે પણ ATM જોવાતું નથી

મોડાસા, તા. ૨૩

વિશ્વ જળ દિવસની ઉજવણી ૨૨ માર્ચના રોજ કરવામાં આવી, પણ મોડાસા શહેરમાં જળ તરસ્યા લોકોની તરસ છીપાવી ન શક્યું છે. કારણ એ છે કે, પાલિકાના અધિકારીઓની અન આવડત અને આડસથી આ શક્ય બન્યું છે. લાખો રૂપિયાના ખર્ચે તૈયાર થયેલ વોટર એટીએમ હાલ છૂપાઈ ગયું છે. છેલ્લા ઘણાં મહિનાથી વોટર એટીએમને ઢાંકી દેવામાં આવ્યું છે કે, જાતે ચાદર ઓઢી લીધી છે, તે કહેવું મુશ્કેલ છે. વિશ્વ જળ દિવસે પણ આ વોટર એટીએમ પરથી પડદો હટાવવાની પાલિકાએ તસ્દી ન લીધી. લોકોના હિત માટે અને લોકોને ઓછા દરે શુદ્ધ પાણી મળી રહે તેવા સંકલ્પ સાથે પાલિકાએ વોટર એટીએમ લાખો રૂપિયાના ખર્ચે તામ-જામ સાથે ફોટા પડાવી લોકાર્પણ કર્યું હતું, જ્યારથી લોકાર્પણ કર્યું ત્યારથી જ ચર્ચામાં રહેલ વોટર એટીએમ ફરીથી પાલિકા માટે સવાલો લઈને આવ્યું છે.જે દિવસે ઉદ્ઘાટન કર્યું તે જ દિવસે તેને ગ્રહણ લાગતા બંધ થઈ ગયું હતું, હવે છેલ્લા ઘણાં સમયથી વોટર એટીએમની આસપાસ એટલા બધા હોર્ડિંગ્સ લગાવી દીધા છે કે, બિચારો તરસ્યો વ્યક્તિ જાય તો જાય ક્યાં ?હવે લોકો સવાલ એ પૂછી રહ્યા છે કે, વોટર એટીએમ ખરેખર ચાલું છે કે, બંધ છે ? વ્યંગ તો એમ પણ થઈ રહ્યા છે કે, કદાચ બંધ હશે એટલે વોટર એટીએમ ની ફરતે હોર્ડિંગ્સ લગાવવાની મંજૂરી પાલિકાએ આપી દીધી હશે. જો વોટર એટીએમની ફરતે હોર્ડિંગ લગાવવાની મંજૂરી આપવામાં આવી હોય તો વોટર એટીએમ કેમ શાભાના ગાંઠિયા સમાન મુકી દેવાયું છે ? તરસ્યા લોકોને સસ્તા દરે શુદ્ધ અને ઠંડુ પાણી ક્યારે અને કેવી રીતે મળે તે પણ સવાલ છે. હાલ ઉનાળાની કાળઝાળ ગરમી શરૂ થઈ ચુકી છે, પણ પાલિકા તંત્રને લોકોની ચિંતા ક્યારે કરશે તે પણ એક સવાલ છે. કોઈપણ વ્યવસ્થા જ્યારે શરૂ કરવામાં આવે ત્યારે પહેલા ભૂતકાળ અને ભવિષ્યની ચિંતા કરવી જોઈએ. માત્ર ગ્રાન્ટ આવી અને વાપરી દેવી તે વિકાસ નથી હોતો. તેનો ઉપયોગ અને સદઉપયોગ કેટલો થાય છે તે પણ જરૂરી છે. મહિનામાં પાંચ વાર બંધ થઈ જાય અને જો ચાલું હોય તો હોર્ડિંગવાળા તાયફા કરીને આગળ પાછળ મંડપ બાંધીને જતા રહે તેનો કોઈ મતલબ રહેતો નથી. પાલિકાની જગ્યા પર કોઈ આ રીતે પાલિકાની સંપત્તિ ઢાંકવાનો પ્રયાસ કરે તે કેટલું વ્યાજબી છે, તે પણ વિચારવાનો પ્રશ્ન છે. જે લોકો હોર્ડિંગ્સ લગાવી જાય છે, તેમની પાસેથી પણ દંડ વસૂલ કરવો જોઈએ જેથી અન્ય લોકોને સબક મળે.




# પ્રાથમિક શાળાના શિક્ષકોને સ્કૂલ ઈન્સ્પેક્ટરની પરીક્ષા માટે ઓનડ્યુટી રજા આપવા રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘની માંગ

### સ્કૂલ ઈન્સ્પેક્ટરમાં ઉત્તર ગુજરાતના અનેક પ્રા.શિક્ષકો ભાગ લેશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૩

સરકારી પ્રાથમિક શાળાઓના શિક્ષણની ગુણવત્તાની ચકાસણી, શાળામાં ચાલતી સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ તથા લર્નિંગ લોસ સહિતની વિગતો એકત્ર કરવા શાળાઓમાં સ્કુલ ઈન્સ્પેક્ટરોને મોકલવામાં આવી રહ્યા છે ત્યારે આજે તા.૨૪ માર્ચના રોજ રાજ્યમાં સ્કુલ ઈન્સ્પેક્ટરની ભરતી યોજાવાની છે જેમાં ઉત્તર ગુજરાત સહિત રાજ્યની સરકારી પ્રા.શાળાઓના હજારો શિક્ષકો પરીક્ષા આપવાના છે ત્યારે શિક્ષણ વિભાગ દ્વારા પરીક્ષાને ખાતાકીય પરીક્ષા ગણી શિક્ષકોને ઓનડ્યુટી રજા આપવા ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજા, મહામંત્રી સતિષભાઈ પટેલ વગેરેએ માંગ કરી છે. પ્રાપ્ત જાણકારી અનુસાર શાળાઓમાં આચાર્યોની ભરતી માટે વેરીફિકેશન કાર્યવાહી યોજાઈ ત્યારે શિક્ષકોને ઓનડ્યુટી રજા આપવામાં આવી હતી અને હવે સરકારી પ્રા.શાળાઓમાં સ્કુલ ઈન્સ્પેકટરોની ભરતી માટેની પ્રક્રિયાના ભાગરૂપે આજે પરીક્ષા યોજાવાની છે જેમાં રાજ્યના ૩૩ જિલ્લાના અનેક પ્રા.શિક્ષકોએ સ્કુલ ઈન્સ્પેક્ટરની ભરતીમાં ઝંપલાવ્યું છે અને પરીક્ષામાં ઉપસ્થિત રહેવાના છે ત્યારે રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘે પરીક્ષામાં હાજર રહેનારા શિક્ષકોને ઓનડ્યુટી રજા આપવા શિક્ષણ વિભાગના સચિવ ર્ડા. વિનોદ રાવ સમક્ષ રજુઆત કરી છે અને આ અંગે હકારાત્મક નિર્ણય લેવાય તેવી સંભાવના જાણવા મળી છે.

## આકરૂંદ હાઈસ્કૂલ ખેલ મહાકુંભમાં ઝળકી



બાયડ (બ્યુરો), તા. ૨૩

ધનસુરા તાલુકા કક્ષાના ખેલ મહાકુંભ યોગાસન સ્પર્ધા ધનસુરા હાઈસ્કૂલમાં યોજાઈ હતી જેમાં અંડર-૧૭માં આકરૂંદ હાઈસ્કનો ધૃવ વિજયભાઈ બારોટ, પ્રથમ, જીગર એન. લોધ બીજા અને ધૃવ શૈલેષગીરી ગોસ્વામી ત્રીજા સ્થાને આવી શાળાનો ગૌરવ અપાવતાં આચાર્ય તથા સ્ટાફે અભિનંદન પાઠવ્યા હતા.

# શૈક્ષણિક મહાસંઘ અરવલ્લીનો જિલ્લા અભ્યાસ વર્ગ મોડાસા ખાતે યોજાયો

મોડાસા તા.૨૩

મંગળવારે રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત સંલગ્ન રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ. અરવલ્લી જિલ્લાનો 'અભ્યાસ વર્ગ ' મોડાસા ની પેલેટ હોટલ ખાતે યોજાયો.અભ્યાસ વર્ગ ના આયોજન મુજબ સવારે ૮:૦૦ વાગે રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું.જિલ્લાના તમામ તાલુકામાં થી તાલુકા મહાસંઘના હોદ્દેદારો તથા આમંત્રિત મહેમાનો અને વક્તાશ્રીઓ નિયત સમયે ઉપસ્થિત રહ્યા. કાર્યક્રમની શુભ શરૂઆત બી.એ.પી.એસ.ના નિર્મલચરણ સ્વામી તથા મધુરમુનિ સ્વામી ના વરદહસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવી. કાર્યક્રમની શરૂઆતમાં બંને મહંતોનુ પ્રેરક આશીર્વચન મળ્યું. ત્યારબાદ અભ્યાસ વર્ગની સમગ્ર દિનની દિનચર્યા ની રૂપરેખા અરવલ્લી જિલ્લાના મહામંત્રીશ્રી પ્રજ્ઞેશભાઈ શર્માએ પ્રસ્તુત કરી. જેમાં સમગ્ર દિવસ દરમિયાન છ સત્ર માં જુદા જુદા વકતાઓનું માર્ગદર્શન મળવાનું હતું.

પ્રથમ સત્ર મિનેષ ભાઈ પટેલ અધ્યક્ષશ્રી શૈક્ષિક મહાસંઘ અરવલ્લી ને અધ્યક્ષતામાં યોજાયું જેમાં મુખ્ય વક્તા તરીકે ગુજરાત રાજય પ્રા. શૈક્ષિક મહાસંઘ ગુજરાતના સંગઠન મંત્રી શ્રી અરૂણભાઈ જોષી દ્વારા સંગઠનમાં કાર્યકર્તાનું મહત્વ અને કાર્યકર્તા ની મનોભૂમિકા વિષય ઉપર પ્રકાશ પાડવામાં આવ્યો તેમણે કોઈપણ સમસ્યાના નિરાકરણ માટે પૂર્વ અને પૂર્ણ યોજના ઘડવા થી સફળતા મેળવી શકાય છે, તેથી આયોજનબધ્ધ કાર્ય કરવાની પદ્ધતિ સમજાવી.

ત્યારબાદ બીજુંસત્ર મહેશભાઈ ચૌધરી અધ્યક્ષ , મા. શૈ.મહાસંઘ અરવલ્લી ની અધ્યક્ષતામાં યોજાયું જેમાં અતિથિ વિશેષ તરીકે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના અરવલ્લી જિલ્લાના કાર્યવાહ એવા શ્રી નરોત્તમભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા જેમણે સાંસ્કૃતિક મૂલ્યો વધારવા ની જવાબદારી અને પ્રાચીન વારસા નુ જ્ઞાન બાળકોને આપવાની નવી શિક્ષણ નીતિની વાતો દ્વારા વિસ્તૃત છણાવટ કરી. ત્યારબાદ પ્રા. શૈક્ષિક મહાસંઘ ગુજરાતના સહ સંગઠન મંત્રી શ્રી પરેશભાઈ પટેલ દ્વારા સદસ્યતા અને પ્રવાસ વિષય ઉપર વિસ્તારથી પ્રકાશ પાડ્યો.સંગઠન નો ઉદ્ભવ અને તેની સ્થાપના, એની કાર્યપદ્ધતિ અને સદસ્યોને કઈ રીતે સાથે રાખી પારિવારિક સંબંધો કેળવીને સંગઠન મજબૂત કરવાનું કામ પ્રત્યેક કાર્યકર્તા કરે. પ્રવાસ દરમિયાન વચ્ચે આવતા તાલુકા જીલ્લાના હોદ્દેદારો ને મળે તેમને હૂંફ અને માર્ગદર્શન મળે તે માટે રૂબરૂ મળવું, ચર્ચા કરવી, સંપર્ક રાખવો અને એકબીજાની નજીક આવવું વગેરે જેવી બાબતો ઉપર નાની-નાની માઈક્રો પ્લાનિંગ ની વાતો સમજાવવા પ્રયત્ન કર્યો.




ત્યારબાદ ત્રીજા સત્રના અધ્યક્ષ તરીકે શ્રી ધનજીભાઈ ખોખરિયા. અધ્યક્ષશ્રી, મેઘરજ તા.પ્રા.શૈ.મહા.ની અધ્યક્ષતામાં યોજાયું. અતીથિ વિશેષ શ્રી મોહનભાઈ પટેલ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું તથા મુખ્ય વક્તા શ્રી ગૌતમભાઈ ભટ્ટ. રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત પ્રાંતના આચાર્ય વર્ગના ઉપાધ્યક્ષ દ્વારા ખૂબ જ સુંદર અને પ્રેરક વક્તવ્ય આપ્યું . તેમણે શિક્ષણના પડકારો વિષય ઉપર પોતાનું ચિંતન રજૂ કર્યું.શબ્દોના મહિમાથી શરૂઆત કરી માણસોની સાથે કામ કરવું હોય તો માણસો ના પ્રકારો વિશે ચર્ચા કરી ત્રણ પ્રકારના માણસો હોય છે જેમાં કામ કરનારા, કામ નહીં કરનારા અને કામ નહીં કરવા દેનારા. આ ત્રણેય પ્રકારના લોકો સાથે કેવી રીતે કામ કરવું અને શિક્ષણના પડકારો ઝીલી કેવી રીતે શિક્ષણની જ્યોત પ્રજ્વલિત રાખી શકીએ તેની ખુબ સરસ વાતો કરી તેમણે ધર્મ- શિક્ષણ- માનવીય સંબંધો -શિક્ષણની સમસ્યાઓ- વાલીઓની માનસિકતા અને ખાનગી સંસ્થાઓનો શિક્ષણ વેપલો વગેરે મુદ્દાઓ ઉપર પોતાનું ચિંતન-મંથન રજૂ કર્યું તેમણે દરેક વ્યક્તિને બાળક બનવા અનુરોધ કર્યો.આપણે બાળકોને આપણા જેવા નથી બનાવવા પણ આપણે બાળક જેવું બનવું છે. મા, મહાત્મા અને માતૃભાષા ના મહત્વ ઉપર પ્રકાશ પાડી માતૃભાષાના મહત્વ વિશે ની વાત કરી પોતાનું વક્તવ્ય પૂરું કર્યું.

ત્યારબાદ વિશ્રાંતિ આપવામાં આવી. ઉપસ્થિત સર્વેએ સાથે ભોજન લીધું.

બપોર પછીના સેશનમાં ચોથા સત્રની શરૂઆત કરી.જેમાં અધ્યક્ષ- ઉપાધ્યક્ષ ,મહામંત્રી- સહમંત્રી ,સંગઠન મંત્રી કોષાધ્યક્ષ જેવા ચાર ગ્રુપોમાં વહેંચાઈ ચર્ચા- વિચારણા દ્વારા સંગઠનને મજબૂત બનાવવાના પ્રયાસો વિશે પ્રકાશ પાડવામાં આવ્યો.

ત્યાર પછી પાંચમુ સત્ર શ્રી ગિરીશભાઈ પટેલ પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ બાયડ ની અધ્યક્ષતા માં યોજાયુ.અતિથિ વિશેષ તરીકે જિલ્લા પ્રા. શિક્ષણાધિકારી સાહેબશ્રી શૈલેષ ભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા. સંગઠન ની હક સાથે સમાજ પ્રત્યેની કર્તવ્ય નિષ્ઠા થી ખુબજ પ્રભાવિત થયા.ઢૂઁઈ સાહેબ શ્રી એ નૈતિકતા અને કર્તવ્ય નિષ્ઠા અંગે ખુબજ સુંદર વકતવ્ય આપ્યું હતું.સત્રના મુખ્ય વક્તા શ્રી મિતેશભાઈ ભટ્ટ રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ના મહામંત્રી જેમણે સોશિયલ મીડિયાનો ઉપયોગ, તેનો વ્યાવહારિક ઉપયોગ, મર્યાદિત ઉપયોગ અને તેની આચાર સંહિતા વિશે પ્રકાશ પાડ્યો. સોશિયલ મીડિયામાં ખૂબ જ દક્ષ રહી સચોટ સંદેશા મૂકવા જેથી સંગઠનની લોકપ્રિયતા અને સત્યતામાં વધારો થાય. આપણે સૌનો વિશ્વાસ મેળવી શકીએ. પ્રિન્ટ મીડિયાનો ,ટી.વી મીડિયાનો તથા ર્ક્રષ્ઠ્રજ્ઞ ર્ક્રદ્બિંનો સદૂપયોગ કટ્ટષ્ઠીર્હ્વ, ઈન્સ્ટાગ્રામ વગેરેની વાતો દ્વારા તેનો કાર્યક્ષમ ઉપયોગ કરવા સૌને માર્ગદર્શન પૂરું પાડયું. સત્ર ના અંતે રાષ્ટ્રીય શૈ. મહાસંઘ ગુજરાત દ્વાર રજુ કરવા માં આવતું મેગેઝિન 'શૈક્ષીક દીપ' નુ જિલ્લા કક્ષા એ DPEO સાહેબ શ્રી ના વરદ હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું.


છઠ્ઠા સત્રના અધ્યક્ષ તરીકે શ્રી મિનેષભાઈ પટેલ. રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ અરવલ્લી ના અધ્યક્ષ રહ્યા તથા અતિથી વિશેષ તરીકે અખિલ ભારતીય વનવાસી કલ્યાણ આશ્રમ ના મહામંત્રી શ્રી નરેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા. એમણે પોતાનું વકતવ્ય આપ્યું જેમાં તેમણે દેશના ગૌરવશાળી ઈતિહાસ, ત્યારપછીનો સંઘર્ષનો કાળ અને વિદેશી આક્રમણો અને ત્યાર પછી ગુલામીનો અધ:પતન નો કાળ અને મેકોલેની શિક્ષણનીતિ પરની અસરો વિશે પોતાનું ચિંતન રજૂ કર્યું અને ત્યાર પછીના નવ ઉત્થાન માટે વિવેકાનંદજીના પ્રયાસો અને ડો. કેશવ બલિરામ હેડગેવાર ના નવનિર્માણના કાર્યોની શરૂઆત વિશેની અને તેમની વિચારધારાની વાતો કરી. ત્યારબાદ મુખ્યવક્તા તરીકે શ્રી રતુભાઈ ગોળ, પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ ગુજરાતના મહામંત્રી અને રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાતના સહ સંગઠન મંત્રી. જેમણે અભ્યાસ વર્ગ નું મહત્વ અને અધિકારીઓ- પદાધિકારીઓ સાથેનો વાર્તાલાપ- રજૂઆત વિષય ઉપર માર્ગદર્શન પુરુ પાડ્યું. કાર્યકર્તા પોતાને માટે કઠોર અને બીજાને માટે કોમળ હોવો જોઈએ એવી ઉત્સાહ અને પ્રોત્સાહન પ્રેરક વાતો કરી પોતાનું વક્તવ્ય પૂરું કર્યું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન અરવલ્લી જિલ્લા ના પ્રા. શૈક્ષિક મહાસંઘ ના મહામંત્રી શ્રી પ્રજ્ઞેશભાઈ શર્મા એ કર્યું. કાર્યક્રમના મુખ્ય પ્રબંધક ની ભૂમિકા ભજવનાર શ્રી ભાવેશભાઈ પ્રજાપતિ પ્રા. શૈક્ષિક મહાસંઘ અરવલ્લી ના ઉપાધ્યક્ષે ઉપસ્થિત સર્વે મહેમાનો, શિક્ષક બંધુ- ભગિનીઓ નો હૃદય પૂર્વક આભાર માની આભાર વિધિ કરી. અને છેલ્લે શ્રી વિરલભાઈ ઉપાધ્યાય .મહામંત્રી શ્રી માલપુર તાલુકા શૈક્ષિક મહાસંઘ દ્વારા કલ્યાણ મંત્ર સમૂહમાં બોલાવીને કાર્યક્રમની પૂર્ણાહુતિ કરી અને સૌ છૂટા પડ્યા હતા.

## જન્મદિને વધામણી




દેવેન્દ્રભાઈ વિઠ્ઠલભાઈ પટેલ
ધનસુરા જીલ્લો અરવલ્લી



ભરતભાઇ નરસિંહભાઈ પટેલ
ચેરમેન, ધી આકરુન્દ સેવા સહકારી મંડળી લી
આકરુન્દ તાલુકો. ધનસુરા



જયેશભાઈ રાવલ
વડાગામ તાલુકો ધનસુરા



મોડાસા તાલુકાના સરડોઈના કીરીટભાઈ ચુનીભાઈ નાયક (નિવૃત્ત બેંક કર્મચારી - મેઢાસણ) નું તા.૨૩ ના રોજ નિધન થયેલ છે.સદગત નું બેસણું તા.૨૮ , સોમવારે તેમના નિવાસસ્થાન ખાતે રાખેલ છે.